# શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવ

## માહાત્મ્યપર્વ

૧૫ જાન્યુઆરી, ૨૦૨૨



**શ્રી** સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવના દ્વિતીય દિનની સવારે 'બ્રહ્મકળશ' સભામંડપમાં ભાવિક ભક્તો સમયસર પધારવા માંડ્યા. અને સાથે જ ડિજિટલ માધ્યમથી મહોત્સવનો લાભ લેનારા દેશ-વિદેશના ભક્તો પણ જોડાવા લાગ્યા. શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવ માહાત્મ્યદર્શન સભામાં કેનેડાના દીપકભાઈ દાણીએ શ્રી ઠાકોરજી મહારાજનાં પૂજન કરી સૌ સદ્‌ગુરુ સંતોને સેનિટાઈઝ કરેલા કાપડના વિશિષ્ટ હાર અર્પણ કર્યા. સભાસંચાલક સાધુ પૂ. પીટરદાસજીએ પ્રાસ્તવિક ઉદ્‌બોધનમાં કળશ મહોત્સવના ઉમંગ અને તે માટે ભક્તોએ કરેલી અકલ્પ્ય સેવા અને સમર્પણની મનનીય વાતો કરી. ત્યારબાદ અમેરિકાના ડૉ. જિતુભાઈ પટેલ અને પરેશભાઈ પટેલે નૂતન મંદિરજીના નિર્માણના સંકલ્પથી કળશસ્થાપન સુધીનાં દિવ્ય કાર્ય અને તેની સેવાની ધન્ય અનુભૂતિનાં દર્શન કરાવ્યાં. ગુજરાત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણ આ પ્રસંગે પધાર્યા, જેઓનાં અનુપમ મિશન દ્વારા અભિવાદન કરાયાં. તેઓએ આ પ્રસંગે ઉપસ્થિત રહેવાની ધન્યતા વ્યક્ત કરી આશિષયાચના કરી.




'બ્રહ્મજ્યોતિ કળશવંદના' કીર્તન આલ્બમનાં મુક્તાર્પણ

સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસજીએ યોગીબાપાની આજ્ઞાથી સાહેબજીએ યુનિવર્સિટી હૉસ્ટેલની રૂમ નં. ૧૪માં કરેલ પ્રથમ મંદિરથી નૂતન મંદિરજી સુધીની યાત્રામાં પ્રગટ થતી યોગીજી મહારાજના આશીર્વાદની પ્રચંડ શક્તિ અને આર્ષદૃષ્ટિની માર્મિક સમજ આપી માહાત્મ્યદર્શન કરાવ્યું. સંતભગવંત સાહેબજીએ સૌને પ્રાર્થના






નીલમબહેન (ગુણાતીત જ્યોત)ને સ્મૃતિભેટ અર્પણ



પરેશભાઈ પટેલ



ડૉ. જિતુભાઈ પટેલ

અને સંકલ્પ દ્વારા, યોગીજી મહારાજના આશીર્વાદના બળે નિર્મળ અને પવિત્ર કર્યા છે, સૌના આત્મામાં પ્રભુ બિરાજે ને મન મંદિર બને તે માટે જતન કર્યાં છે; તે અનુભૂતિની વાત કરી. સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ સૌને ગુરુમુખી અને પ્રભુમય બનાવવા માટે પ્રાર્થના કરી આશીર્વાદ વરસાવ્યા. આ પ્રસંગે અનુપમ મિશનનાં દેશ અને વિદેશમાં કાર્યરત સત્સંગ કેન્દ્રોના પ્રતિનિધિઓને મહોત્સવની વિશિષ્ટ સ્મૃતિભેટ અર્પણ કરાઈ. ઉપાસનાની સ્પષ્ટ અને શુદ્ધ સમજણ આપતા સંકલ્પ કરાવી સંતભગવંત સાહેબજીએ અત્યંત મનનીય આશીર્વાદ પ્રદાન કર્યા, જેમાં શુદ્ધ અને સનાતન ઉપાસના, પ્રગટ સત્પુરુષની અનિવાર્યતા, ભગવાનધારક સંતના માહાત્મ્યની અલૌકિક વાતો છતી કરી. આ પ્રસંગે અમેરિકાના યુવાન મિહિર પટેલ દ્વારા ગવાયેલાં કીર્તનોનું આલ્બમ 'બ્રહ્મજ્યોતિ કળશ વંદના'નું મુક્તાર્પણ સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકાના વરદ હસ્તે કરવામાં આવ્યું. ◆



સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા



સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસજી



સંતભગવંત સાહેબજીની આશિષવર્ષા





# અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી મહાદીક્ષા માહાત્મ્યપર્વ

૧૫ જાન્યુઆરી, ૨૦૨૨

**પોષીપૂર્ણિમા** – અનાદિ મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીના ભાગવતી દીક્ષા પ્રસંગના અનુસંધાને મહોત્સવના દ્વિતીય દિનની સંધ્યાસભામાં શ્રી ગુણાતીત દીક્ષા માહાત્મ્યદર્શન કરાયું. આ સભામાં પ્રત્યેક વક્તાઓએ ગુણાતીતભાવને પ્રાધાન્ય આપતી અને માહાત્મ્ય સમજાવતી વાતો દૃષ્ટાંતો અને સ્વાનુભૂતિના આધારે કરી. સભા પ્રારંભે સાધુ પૂ. હિંમતદાસજી (યુ.કે.)એ શ્રી ઠાકોરજી મહારાજનાં પૂજન કરી સૌ સરળતાથી ગુણાતીતભાવ પામી જાય એ માટેની આશિષયાચના કરી.

અમેરિકાના બિમલભાઈ શેઠ અને ઈંગ્લૅન્ડનાં ભાવિશાબહેન ટેલરે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સંતભગવંત સાહેબજીના સર્વોપરી ગુણાતીત ભાવનાં અનુપમ દર્શન કરાવ્યાં. પ્રભુ ગુણાતીત સાધુ દ્વારા પ્રગટ છે અને તે સંતભગવંત સાહેબજી સ્વરૂપે પ્રાપ્ત થયા છે તેની દિવ્ય



'સાધુ રે સાધો' કીર્તન આલ્બમનાં મુક્તાર્પણ

અનુભૂતિની વાતો તેઓએ કરી. વિશેષ તો સંતભગવંત સાહેબજીની અતુલ્ય ગુરુભક્તિ, અપ્રતિમ સંકલ્પશક્તિ અને ગુરુહરિના આશીર્વાદના બળે ઉપાસના પ્રવર્તન માટેની અવિરત સેવા-પ્રવૃત્તિના સ્વાનુભવ વ્યક્ત કર્યા. અનુપમ મિશનની ઈન્ટરનેશનલ સમિતિના પ્રમુખ સતીશભાઈ ચતવાણીએ ડિજિટલ માધ્યમ દ્વારા પ્રાસંગિક માહાત્મ્યદર્શન કરાવ્યું. પ્રભુ જેટલી જ સામર્થી હોવા છતાં ગુણાતીત સદાય દાસભાવે વર્ત્યા, તેવા પોતાના જીવંત અનુભવની સુંદર વાતો તેઓએ કરી. ઈંગ્લૅન્ડમાં ગ્રીનબૅલ્ટમાં આવેલ અનુપમ મિશનના



યોગીજી મહારાજનાં ભાવપૂજન




સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા



ભાવિશાબહેન ટેલર (યુ.કે.)

કેન્દ્રમાં નૂતન મંદિરજીના નિર્માણની પરવાનગી મળવી તે અશક્ય વાત સંતભગવંત સાહેબજીના સંકલ્પે શક્ય બની. તેથી વિશેષ તે જ ગ્રીનબૅલ્ટની જમીન પર અંતિમ ક્રિયાધામના નિર્માણની પરવાનગી મળી તે સાહેબજીની સંકલ્પશક્તિ, ગુરુના આશીર્વાદની સામર્થી અને પ્રભુ પ્રતિની અડગ આશરાની તેઓને થયેલ દિવ્ય અનુભૂતિની વાત અસ્ખલિત મહિમા સાથે તેઓએ વ્યક્ત કરી. આ પ્રસંગે સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના અને તેને સંલગ્ન ગુણાતીતભાવની માહાત્મ્યપૂર્ણ સરવાણી વહાવી, જે બ્રહ્મનિર્ઝરના આ જ અંકના 'અનુપમની હે અમૃતધારા' વિભાગમાં પ્રકાશિત કરી છે. આ શુભ પ્રસંગે સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસજી દ્વારા રચિત ગુણાતીતભાવને પામવા બળ પમાડે તેવાં કીર્તનોનું નૂતન આલ્બમ 'સાધુ રે સાધો...' સંતભગવંત સાહેબજીનાં કરકમલો દ્વારા મુક્તાર્પણ પામ્યું. ◆



સતીશભાઈ ચતવાણી (યુ.કે.)



બિમલભાઈ શેઠ (યુ.એસ.એ.)